# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-01-2025** **Day: Saturday** **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રજાસત્તાક પર્વની તાપી જિલ્લામાં રાજ્ય કક્ષાની ઉજવણી:

76મા રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી આવતીકાલે તાપી જિલ્લામાં કરવામાં આવશે. આજે સાંજે વ્યારા ખાતે સાંજે રાજ્યપાલની અધ્યક્ષતામાં એટ હોમ કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વ્યારા ખાતે તાપી જિલ્લામાં 240 કરોડ રૂપિયાની યોજનાનું લોકાર્પણ કરશે. શ્રી પટેલ 124 કરોડ રૂપિયાના 20 કામોનું લોકાર્પણ અને 115 કરોડ રૂપિયાના 41 કાર્યોનું ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત પોલીસ એક્સ્પોનું ઉદઘાટન કરશે. દક્ષિણાપદ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જેમાં રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.

------------------------------------------------------------------------------------------

## નખત્રાણા ખાતે જિલ્લા કક્ષાની ઉજવણીનું રિહર્સલ :

જિલ્લાના નખત્રાણા ખાતે 76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આવતીકાલે જિલ્લાકક્ષાની ઉજવણી નખત્રાણાના રામાણી ગ્રાઉન્ડ ખાતે યોજાશે, જેના ભાગરૂપે આજે અધિક કલેક્ટર મિતેષ પંડ્યાની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું.

કાર્યક્રમ દરમિયાન અધિક કલેક્ટરે તિરંગાને સલામી આપી અને પોલીસ, હોમગાર્ડ તથા જીઆરડી દ્વારા યોજાયેલી પરેડનું નિરીક્ષણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે

ધ્વજવંદન, માર્ચ પાસ્ટ, ટેબ્લો નિરીક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રવૃત્તિઓના આયોજન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દરમ્યાન આજે જિલ્લા મથક ભુજ ખાતે જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી,બહુમાળી ભવન સહિત સરકારી કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારાઈ છે.

---------------------------------------------------------------------------

## રાજ્યના 11 પોલીસ અધિકારીઓની રાષ્ટ્રપતિ પદક માટે પસંદગી:

દેશના 76માં પ્રજાસત્તાક પર્વ પ્રસંગે ગુજરાત રાજ્યના પોલીસ દળમાં ફરજ બજાવતા 11 પોલીસ અધિકારીઓ/જવાનોને રાષ્ટ્રપતિના વિશિષ્ટ સેવા મેડલ અને પ્રસંશનીય સેવા મેડલ આજે જાહેર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત કચ્છ બોર્ડર રેન્જના આઈ.જી ચિરાગ કોરડીયાની પણ પસંદગી કરાઈ છે. પોલીસ કર્મીઓ અને અધિકારીઓની શ્રેષ્ઠ કામગીરીને પગલે અપાતા આ સન્માન માટે શ્રી કોરડીયાની રાજ્યના વિવિધ પોલીસ બેડામાં બજાવાયેલી કામગીરી બદલ તેમને રાષ્ટ્રપતિ પદક એનાયત કરાશે.

---------------------------------------------------------------------------

## રાજ્યના 46 હોમ ગાર્ડઝ જવાનોમાં કચ્છના 2 જવાનોની પસંદગી:

આવતીકાલે પ્રજાસત્તાક દિન નિમિતે વિશિષ્ટ સેવા બદલ રાજ્યના 46 હોમ ગાર્ડસ,બોર્ડર વિંગ, નાગરીક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળના જવાનોનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરાશે. જેમાં કચ્છમાંથી બે બોર્ડર વિંગ હોમ ગાર્ડસ નાયકની પસંદગી કરાઈ છે. જીલ્લામાં ફરજ બજાવતા ઈન્દ્રસિંહ સોઢા અને ન્યાલા ગણેશા ભાટ્ટીનું વિશિષ્ટ સેવા બદલ આવતીકાલે રાજ્ય કક્ષાની ઉજવણીના સમારોહમાં સન્માન કરાશે.

---------------------------------------------------------------------------

# ખાદી ગ્રામોધોગ વિકાસ યોજના:

ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત ભુજ અને લુડિયા ખાતે વિવિધ કાર્યક્રમમાં 100 પરંપરાગત ચરખા અને માટીના વાસણ બનાવવાના 100 ઈલેક્ટ્રિક ચાકડા તથા 50 ટર્નવૂડ મશીનો, 20 વિદ્યુત ચાલિત ચાક અને 10 પરંપરાગત ચરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પીએમઈજીપી હેઠળ રૂા. 349 કરોડ 99 લાખની માર્જિન મની સબસિડીનું ઓનલાઈન માધ્યમથી અંદાજે 9000 જેટલા કારીગરોના ખાતામાં વિતરણ કરાયું હતું. આ પ્રસંગે 2047ના વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા સૌનો સહયોગ, જાગૃતિ અને વ્યવસ્થા પર ભાર મૂકાયો હતો.

અત્રે જણાવીયે કે ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત દેશભરમાં 8962 નવા એકમો સ્થાપિત થયા છે અને 98,582 નવા લોકોને રોજગાર મળ્યો છે, જ્યારે ગુજરાતમાં 352 નવા એકમોને 39 કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી છે, જેનાથી 3872 નવી નોકરીઓનું સર્જન થયું છે.

---

# 15માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

દેશભરમાં આજે 15માં  રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થઈ રહી છે. વર્ષ ૨૦૧૧ થી દર વર્ષે ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે જીલ્લા મથક ભુજની શ્રી સહજાનંદ મહિલા ઇન્સ્ટિટ્યૂટ ખાતે ૧૫માં રાષ્ટ્રીય મતદાતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી. જેમાં યુવા મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા તથા EPIC વિતરણ અને ચૂંટણી સંદર્ભે કામગીરી કરનાર શ્રેષ્ઠીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ભુજની ઇન્દીરાબાઈ કન્યા વિદ્યાલય ખાતે ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની આ વર્ષની થીમ ‘વોટિંગ જેવું બીજું  કંઈ નથી, હું નિશ્ચિત રુપથી મત આપું છું’ સાથે ઉજવણી કરવામાં આવી હતી.  આ પ્રસંગે ચૂંટણીના પ્રકારો,ચૂંટણી પંચના કાર્યો તેમજ મતદાતા દિવસની ઉજવણીના ઈતિહાસ અને મહત્વ અંગે સમાજ આપવામાં આવી હતી અને  મતદાન

અંગેના  શપથ લેવડાવાયા હતા. આ ઉપરાંત ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ માટે ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------

## જી.કે.જનરલો હોસ્પિટલ ખાતે થાઈરોઈડ જાગૃતિ માસની ઉજવણી

ભુજની અદાણી સંચાલિત જી.કે.જનરલ હોસ્પિટલના કાન,નાક અને ગળાના વિભાગ દ્વારા અત્યારસુધી અંદાજે 3 હજાર જેટલા  જુદા-જુદા પ્રકારના  થાઈરોઈડના  ઓપરેશન  કરી સિમાચિહ્ન સ્થાપિત કર્યું છે. જાન્યુઆરી માસ દરમ્યાન ઉજવાતા થાઈરોઈડ જાગૃતી માસ નિમિતે શરીરના વિકાસ માટે જરૂરી થાઈરોઈડ હોર્મોન્સ સ્ત્રાવ કરતી ગ્રંથીને  લગતી સમસ્યાઓ અંગે સમજ અપાઈ હતી.

---------------------------------------------------------------------------